# Telephone conversation between Prime Minister and Prime Minister of Mauritius

May 23, 2020

## વડાપ્રધાન અને મોરેશિયસનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

મે 23, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મોરેશિયસનાં વડાપ્રધાન મહામહિમ પ્રવિન્દ જુગનાથ સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાન જુગનાથે અમ્ફાન ચક્રવાતથી ભારતમાં થયેલી હાનિઓ પર દિલાસો વ્યક્ત કર્યો હતો. તેણે કોવિડ-19 મહામારી સામે લડવા મોરેશિયસની આરોગ્ય સત્તાધિકારીતાઓને મદદ કરવા દવાઓનો જથ્થો અને 14-સભ્યોની તબીબી ટીમ સાથે 'ઓપરેશન સાગર' નાં ભારરૂપે ભારતીય નૌકા જહાજ 'કેસરી' મોરેશિયસ મોકલવા બદલ વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

વડાપ્રધાને ભારત અને મોરેશિયસ વચ્ચે લોકો-થી-લોકો વચ્ચેનાં વિશેષ જોડાણોને યાદ કર્યા હતા અને કહ્યું હતું કે આ કટોકટીનાં સમયમાં પોતાનાં મીત્રો ને સહાયતા કરવા ભારત ફરજથી બંધાયેલો છે.

વડાપ્રધાન જુગનાથની આગેવાનીમાં મોરેશિયસ દ્વારા હાથ ધરવામાં આવેલા અસરકારક કોવિડ-19 પ્રતિભાવ કે જેને લીધે કેટલાક સપ્તાહથી કોઇ નવા કેસો નથી આવ્યા તેની વડાપ્રધાને પ્રશંસા કરી હતી. તેણે સૂચવ્યું હતું કે મોરેશિયસ તેની શ્રેષ્ઠ પ્રથાઓને દસ્તાવેજીત કરી શકે છે, જે અન્ય દેશોને, અને ખાસ કરીને ટાપુ દેશોને, એકસમાન આરોગ્યની કટોકટીનો સામનો કરવામાં મદદરૂપ થશે.

બન્ને નેતાઓએ મોરેશિયસનાં આર્થિક ક્ષેત્રને સહાયતા કરવાનાં ધ્યેય સાથેનાં પગલાઓ, અને મોરેશિયસનાં યુવાઓને આયુર્વેદિક દવાઓનો અભ્યાસ કરવા સશક્ત બનાવવા સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવા પર ચર્ચા કરી હતી.

વડાપ્રધાને મોરેશિયસનાં લોકોનાં આરોગ્ય અને સુખાકારી માટે તેમજ બન્ને દેશો વચ્ચે અનન્ય રીતે હૂંફાળા સંબંધોની જાળવણી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**મે 23, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.